MARKET-HUB®
NEWS LETTER

4th November 2017 Issue - 273

MARKET NEWS & EVENTS

- **ઇન્ટ્રા-ડે સેન્સેક્સ 33658ની સર્વોચ્ચ સપાટીએ**
- બીએસઇ સેન્સેક્સ આજે પણ ઇન્ટ્રા-ડે 33657.57 પોઇન્ટની સર્વોચ્ચ સપાટીએ સ્પર્શી ગયો હતો. પરંતુ પાછળથી જોવા મળેલા પ્રોફીટબુકિંગમાં આગલાં બંધની સરખામણીમાં 27.05 પોઇન્ટ ઘટી 33573.22 પોઇન્ટ બંધ રહ્યો હતો. જે આજનાવધ્યા મથાળેથી 84.35 પોઇન્ટનું કરેકશન દર્શાવે છે. નિફ્ટી 16.70 પોઇન્ટના ઘટાડાસાથે 10423.80 પોઇન્ટ બંધ રહ્યો તે પૂર્વે ઇન્ટ્રા-ડે 10453 પોઇન્ટની ઐતિહાસિક ટોચે આંબ્યો હતો. જ્યાંથી નિફ્ટીમાં પણ 29 પોઇન્ટની પીછેહઠ રહી હતી. ઓક્ટોબર માસમાં વેચાણોમાં ધીમી વૃદ્ધિ દર્શાવનારા ઓટોશેર્સ પણ આજે રિવર્સગિયરમાં રહ્યા હતા
- ખાસ્સા લાંબા સમય પછી ફાર્મા શેર્સ જાણે બોટમઆઉટ થઇ રહ્યા હોય તેમ સંગીન સુધારાની ચાલ રહી હતી. ટેલિકોમ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં પણ સુધારાની ચાલ રહી હતી. સ્મોલકેપ-મિડકેપ ઇન્ડેક્સ ઓલટાઇમ હાઇ: નાના રોકાણકારોનો માર્કેટમાં રસ વધી રહ્યો હોવાના પ્રતિબિંબરૂપે સ્મોલ-મિડકેપ શેર્સમાં આકર્ષક ખરીદી જોવા મળી છે. તેના પગલે સ્મોલકેપ ઇન્ડેક્સ આજે પણ 17835.44 પોઇન્ટની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યા બાદ છેલ્લે 71.69 પોઇન્ટના સુધારા સાથે 17768.87 પોઇન્ટની સપાટીએ બંધ રહ્યો હતો.

Institutional Activity- September - 2017 (Daily Cash Market) Rs. Crores		
Date	FIIs	DIIs
30.10.2017	-186.04	139.68
31.10.2017	-531.82	596.92
1.11.2017	1038.31	-667.91
2.11.2017	1032.88	-456.51
3.11.2017	-9690.84	33.4
Net Buying/Selling	-8,337.51	-354.42

- જોકે આજે વોલ્યૂમ અને વધઘટ સંકડાયેલા રહેવા સાથે થોડું પ્રોફીટ બુકિંગ પણ જોવા મળ્યું હતું. તેના કારણે મોટાભાગના ઇન્ડાઇસિસ સંકડાયેલા રહ્યા હતા. મોટાભાગનો બજાર વર્ગહવે યુએસ ફેડ રિઝર્વની બેદિવસની પોલિસી બેઠક તેમજ ઘરઆંગણે ટોચની કંપનીઓની Q2 કામગીરીના આંકડા કેવા આવે છે તેની ઉપર મીટ માંડીને બેઠો છે. ડોનાલ્ડ ટ્રમ્પ આગામી ફેડ રિઝર્વ ચેરમેનના નામની જાહેરાતમાં શું લાવે છે તેની ઉપર પણ બજાર ટાંપીને બેઠું છે.
- **કોર ક્ષેત્રની વૃદ્ધિ છ માસની ઊંચાઈએ** : સપ્ટે. 5.2 ટક સપ્ટેમ્બરમાં કોલસા, કુદરતી ગેસ અનેરિફાઇનરી સેગમેન્ટની નોંધપાત્ર કામગીરી પગલે આઠ કોર ક્ષેત્રોનો ગ્રોથ 5.2 ટકાના દરે થયો હતો, જે છ મહિનાની ઊંચાઈએ પહોંચ્યો છે. સપ્ટેમ્બરમાં આઠ કોર ક્ષેત્રો એપ્રિલ પછી સૌથી વધુ વિસ્તરણ પામ્યા હતાં, જ્યારે કોર ક્ષેત્રનો ગ્રોથ 2.6 ટકાના દરે નોંધાયો હતો.
- **હીરો મોટો** :- હીરો મોટોકોર્પે સપ્ટે.17ના અંતે પુરા થયેલા ત્રિમાસિક ગાળા માટે ચોખ્ખો નફો સાધારણ વૃદ્ધિ સાથે રૂ. 1010.49 કરોડ (રૂ. 1004.22 કરોડ) અને કુલ આવકો રૂ. 8479.59 કરોડ (રૂ. 8601.10 કરોડ) નોંધાવ્યા છે.
- **ટેક મહિન્દ્ર** :- ટેક મહિન્દ્રાનો ચોખ્ખો નફો 29.7 ટકા વધી રૂ. 836.15 કરોડ (રૂ. 644.73 કરોડ) થયો છે. આવકો 6.1 ટકા વધી રૂ. 7606.38 કરોડ (રૂ. 7167.41 કરોડ) થઇ છે.

ગયા સપ્તાહમાં Nifty સ્પોટ :-

ઉપરમાં ૧૦,૪૬૧.૭૦ અને નીચામાં ૧૦,૩૨૩.૯૫ નો ભાવ જોવા મળ્યો હતો.

આગલા સપ્તાહમાં Nifty સ્પોટ:

જ્યાં સુધી ૧૦,૨૦૦ ઉપર close છે ત્યા સુધી ઘટાડે ખરીદી જોવા મળે ૧૦,૨૦૦ break કરે તો ૧૦,૧૦૦ સુધી નો ભાવ આવી શકે ઉપરમાં ૧૦,૪૮૫ નુ resistance છે આ લેવલ પર close આપતા ૧૦,૯૦૦ નો ભાવ આવી શકે.

આગલા સપ્તાહમાં Banknifty સ્પોટ:

જ્યાં સુધી ૨૫,૦૦૦ ઉપર close છે ત્યા સુધી ઘટાડે ખરીદી જોવા મળે ઉપરમાં ૨૬,૦૨૫ થી ૨૬,૪૦૦ સુધી નો ભાવ આવી શકે ૨૫,૦૦૦ નો ભાવ break કરે તો ૨૪,૮૦૦ થી ૨૪,૩૦૦ નો ભાવ આવી શકે.

Commodity Market

COPPER:- જ્યાં સુધી ૪૬૬ પર close નહી આપે ત્યા સુધી ઉછાળે વેચવાલી જોવા મળે નીચામાં ૪૨૮ થી ૪૨૨ નો ભાવ આવી શકે ઘટાડે ૪૨૦ ના sl થી ખરીદી કરી શકાય.

CRUDE OIL :- ૩૨૫૦ ના SL થી ખરીદી જ કરવી ઉપરમાં ૩૬૨૫ થી ૩૭૨૫ નો ભાવ આવી શકે.

SILVER:-નીચામાં ઘટાડે ૩૭૫૦૦ ના sl થી ખરીદી જ કરી શકાય ઉપરમાં ૪૦૪૫૦ નુ resistance છે જો આ લેવલ પર close આપે તો ૪૧૨૦૦ થી ૪૧૭૦૦ સુધીનો ભાવ આવી શકે.

GOLD:-જ્યાં સુધી ૨૯૫૦૦ cross નહી કરે ત્યા સુધી ઉછાળે વેચવાલી જોવા મળે નીચામાં ૨૯૧૫૦ થી ૨૮૮૫૦ નો ભાવ આવી શકે ઉપરમાં ૨૯૫૦૦ નુ resistance છે આ level cross કરે તો ૨૯૮૦૦ સુધી નો ભાવ આવી શકે.

NATURALGAS:-જ્યાં સુધી ૨૦૪ પર close નહી આપે ત્યા સુધી ઉછાળે વેચવાલી જોવા મળે

નીચામાં ૧૮૦ નો મજબુત support છે ૧૮૦ ના sl થી ખરીદી કરી શકાય ઉપરમાં ઉછાળો આવી શકે.

આવતા અઠવાડીયામાં ધ્યાનમાં રાખવા જેવા શેઅર્સ

Serial No.	Stock Name	Above/Below/ Add HOLD	CMP as on 04.11.2017	Trail SL	Buy Stop loss	Sell Stop loss	Target
1	ROLTA(BUY)	AROUND59	63.00		58		70
2	ABCAPITAL(BUY)	AROUND187	193.00		180		197/211
3	LALPATHLAB(BUY)	AROUND809	835		790		860/980
4	LYKALABS(BUY)	AROUND57	59.50		52.90		70/77
5	TVSMOTOR(SELL)	AROUND705	694.90			720	683/644

Currency Corner

USDINR: ઘટાડે ૬૪.૨૦ ના sl થી ખરીદી કરી શકાય નીચામાં આ મજબુત support છે જો આ લેવલ break કરે તો ૬૩.૯૦ સુધી નો ભાવ આવી શકે ઉપરમાં ૬૫.૨૦ નુ મજબુત resistance છે આ લેવલ ચરદ્વસસ કરતા ૬૫.૮૦ સુધી નો ભાવ આવી શકે.

GBPINR: ઉપરમાં જયાં સુધી ૮૫.૮૦ ઉપર close નહી આપે ત્યા સુધી ઉપરમાં વેચવાલી જોવા મળે નીચામાં ૮૨.૨૫ નો ખુબજ મજબુત support છે આ sl થી ખરીદી કરી શકાય ઉપરમાં ૮૫.૮૦ સુધી નો ભાવ જોવા મળે ૮૨.૨૫ નો ભાવ break કરે તો ૭૯ સુધી નો ભાવ આવી શકે.

EURINR: ઉપરમાં જયાં સુધી ૭૬.૫૫ પર close નહી આપે ત્યા સુધી ઉછાળે વેચવાલી જોવા મળે નીચામાં ૭૪.૪૦ સુધી નો ભાવ આવી શકે.

JPYINR: ૫૬.૫૦ નો મજબુત support છે આ લેવલ break કરતા ૫૫.૫૦ થી ૫૪.૮૦ સુધી નો ભાવ આવી શકે ૫૪.૮૦ ની રેન્જમાં ૫૪.૫૦ ના sl થી ખરીદી કરી શકાય ઉપરમાં ૫૭.૨૦ થી ૫૭.૫૦ નો ભાવ આવી શકે.

Currency	DEMAND ZONE LEVEL		CLOSE	SUPPLY ZONE LEVEL	
	D2	D1		S1	S2
USDINR	63.74	64.20	64.72	65.26	65.80
GBPINR	83.35	84.40	84.73	85.20	86.00
EURINR	74.40	75.00	75.46	76.13	76.50
JPYINR	55.40	56.48	56.75	57.10	57.50

HDFC Life
Sar utha ke jiyo!

Product Note of
HDFC Standard Life Insurance Company Ltd IPO

2000 માં સ્થાપેલ, એચડીએફસી લાઇફ મુંબઈ સ્થિત જીવન વીમા પ્રદાન કરતી કંપની છે. એચડીએફસી લાઇફ એચડીએફસી લિમિટેડ અને સ્ટાન્ડર્ડ લાઇફ વચ્ચે સંયુક્ત સાહસ છે અને તે ન્યૂ બિઝનેસ (વેનએનબી) માર્જિનના મૂલ્ય પર આધારિત સૌથી નફાકારક જીવન વીમા કંપનીઓ પૈકી એક છે. આ ઉપરાંત, કુલ નવા પ્રીમિયમ પર આધારિત માર્કેટ શેરની દ્રષ્ટિએ તે ટોચની ત્રણ પ્રાઇવેટ લાઇફ ઇન્શ્યોરર્સ પૈકી એક છે.

એચડીએફસી લાઇફ ચિલ્ડ્રન્સ એન્ડ વિમેન્સ પ્લાન સહિત પ્રોટેક્શન , પેન્શન, સેવિંગ્સ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ અને હેલ્થ સહિત વ્યક્તિગત અને જૂથ વીમા સોલ્યુશનની વિશાળ પ્રોડક્ટ્સ ની શ્રેણીઓમાં સેવા પૂરી પાડે છે. એચડીએફસી લાઇફ ભારતમાં અગ્રણી ફાઇનાન્શિયલ સર્વિસ પ્રોવાઇડર છે , જેમાં હાઉસિંગ, બેન્કિંગ, લાઇફ અને જનરલ વીમો , એસેટ મેનેજમેન્ટ, વેન્ચર કેપિટલ અને એજ્યુકેશન લોન્સ માટે ફાઇનાન્સ ઓફર કરવામાં આવે છે.

Financials

(in cr)	2013	2014	2015	2016	2017
REVENUE	14016.26	17290.73	27090.62	18066.45	30554.42
OPERATING EXP	13378.64	16860.95	241268.57	17106.86	29606.78
PROFIT	637.62	429.78	822.05	959.59	947.64

Objective of the Issue:

આ ઇશ્યુ નો મુખ્ય હેતુ શેરબજારના ઈક્વિટી માર્કેટમાં લિસ્ટ થઇ તેનો ફાયદો પ્રાપ્ત કરવાનો છે તથા આ ઇશ્યુમાં એકત્રિત થયેલ ૫૦% રકમ OFS મારફત દ્વારા થશે

Issue Open Date	7th Nov 2017
Issue Close Date	9th Nov 2017
Market Lot	50 Shares
Listing At	BSE & NSE
Face Value	Rs. 10 per share
Issue Price	Rs. 275-290 per share
Issue Size	59,96,55,636 equity shares (50% are OFS)

MH Take:

એચડીએફસી લાઇફ વીમા ક્ષેત્રમાં આ કંપનીનું એક પ્રખ્યાત નામ છે. તે વીમા ઉદ્યોગમાં સૌથી નફાકારક કંપની પૈકી એક છે. અમે ખરેખર આ મુદ્દા સાથે સહમત નથી કે જ્યાં આઇપીઓમાં નાણાં ફક્ત ઊભા કરવામાં આવે છે ત્યારે વર્તમાન શેરધારકો કંપની પાસેથી પ્રીમિયમ મૂલ્યાંકન પર બહાર નીકળવા માટે અને તેજીના બજારમાં લાભ લેવાનો રહે છે. તેથી મૂળભૂત રીતે તે નક્કી કરાયું નથી કે આઈપીઓમાં આવતા નવા નાણાંનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવશે.

લિસ્ટિંગના દિવસે ઇન્શ્યોરન્સ કંપનીના આઈપીઓની આ પાછલી કામગીરી ને ધ્યાનમાં લેતા તે કંપનીઓને સારું લિસ્ટિંગ મળેલ નથી. તેથી માર્કેટ -હબ તેમના રોકાણકારોને સૂચવે છે કે આ આઇપીઓને Avoid કરવુ જોઇએ.

HEAD OFFICE
B/230-231, International Trade Center, Majura Gate, Ring Road, Surat-2.(Guj.) India **Ph: 0261- 40 60 750, 246 27 90**
Fax : 0261-246 27 91 www.markethubonline.com E-Mail : sales@markethubonline.com
BRANCH
Varachha Road, Surat - 6. Ph : 0261-254 49 06 • Mahidharpura, Surat-3. Ph : 0261 - 245 10 39
IA SEBI Registration no.:INA000005333

Disclaimer :
We do not represent that information provided by us is accurate or complete and it should not be relied upon as such. The advice provided here is just for knowledge purpose only. The user assumes the entire risk of any use made or not made of this information.
INVESTMENT IN EQUITY, MUTUAL FUND, EQUITY, CURRENCY & COMMODITY DERIVATIVES IS SUBJECT TO RISK. WE ARE DISTRIBUTOR OF MUTUAL FUND.
Client should read the Risk Disclosure Document (RDD) & Do's and Don'ts issued by SEBI & relevant exchanges before investing.

Ambika Art 98 25 27 90 90

For Market-Hub Clients & Associates
Join us at Market-Hub Stock Broking Pvt. Ltd.
For Private Circulation Only